## સંક્ષિપ્ત સમાચાર

### પાવાગઢમાં મહાકાળીના દર્શન કરી તરુણ ચુઘે પંચમહાલ-દાહોદ પ્રવાસનો પ્રારંભ કર્યો



**હાલોલ. :** મંદિર પર પવિત્ર ધજા ચઢાવી રાજ્યની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના : પંચમહાલ ભાજપ સંગઠનના હોદ્દેદારો અને આગેવાનો રહ્યા ઉપસ્થિત. પંચમહાલ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘ પંચમહાલ અને દાહોદ જિલ્લાના સંગઠનાત્મક પ્રવાસે આવ્યા છે. પંચમહાલ જિલ્લાના પ્રવાસની શરૂઆત તેમણે ઐતિહાસિક યાત્રાધામ પાવાગઢ ખાતે માં મહાકાળી માતાના દર્શન કરીને કરી હતી. પાવાગઢ ખાતે પહોંચેલા તરુણ ચુઘે જગતજનની માં મહાકાળીના ચરણોમાં શીશ નમાવી વિધિવત પૂજા-અર્ચના કરી હતી. આ દરમિયાન તેમણે માતાજીના મંદિર પર પવિત્ર ધજા ચઢાવી હતી અને ગુજરાત રાજ્યમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા જનકલ્યાણ જળવાઈ રહે તે માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસે જાગૃતિ કાર્યક્રમ યોજાયો




**દાહોદ :** નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ), દાહોદ ના NTF (National Task Force) એકમ દ્વારા વિશ્વ આત્મ હત્યા નિવારણ દિન ની ઉજવણી ના ભાગ સ્વરૂપે માનસિક સ્વાસ્થય જાગૃતિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું* તા.૧૦/૦૯/૨૦૨૬, ગુરુવાર ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમસ), દાહોદ ના .NTF (National Task Force) અંતર્ગત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય (Mental Health) ને મજબૂત બનાવવા અને આત્મહત્યાની ઘટનાઓ ઘટાડવા માટે માનસિક સ્વાસ્થય જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને તણાવ વ્યવસ્થાપન, ડિપ્રેશન અંગે જાગૃતિ અને ભાવનાત્મક સહાય વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### સંજેલીની મેડિકલ દુકાનોમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની તપાસથી દોડધામ મચી



**સંજેલી :** સંજેલી નગરમાં મેડિકલ સ્ટોર્સમાં દવાઓનું વેચાણ નિયમો અને કાયદાકીય જોગવાઈઓ મુજબ થઈ રહ્યું છે કે કેમ તે અંગે જિલ્લા કક્ષાના Food & Drugs વિભાગ ની ટીમ દ્વારા અચાનક તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તપાસ દરમિયાન મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ દવાઓ ઉપરાંત વિવિધ રેકર્ડ, બિલો અને રજીસ્ટરોની ચકાસણી કરવામાં આવી હતી. સંજેલી નગરમાં અંદાજે 7 જેટલી મેડિકલ દુકાનો આવેલી છે. આ દુકાનોમાં દવાઓના વેચાણ માટે જરૂરી નિયમોનું પાલન થાય છે કે નહીં, દવા વેચાણના દસ્તાવેજો જાળવવામાં આવે છે કે નહીં તેમજ દવાઓના સ્ટોક અને સંબંધિત રેકર્ડની સ્થિતિ કેવી છે તે સહિતની બાબતો તપાસ હેઠળ લેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

#### હાલોલ નગરમાં શ્રી ગણેશ મહોત્સવની શરૂઆત પહેલાં અવાજ પ્રદૂષણથી લોકો ત્રાહીમામ

# ડી.જેના ઘોંઘાટ, શક્તિપ્રદર્શન અને બેકાબૂ ભીડને લઈને લોકોમાં અરાજકતા ફેલાય છે

**આગમનયાત્રાઓ દરમિયાન કલાકો સુધી રોડ-રસ્તા પર ચક્કાજામ સર્જાતા નાગરિકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે**



(પ્રતિનિધી) હાલોલ, તા.10

શ્રીજીની પ્રતિમાઓના આગમનને લઈને યોજાતી ભવ્ય શોભાયાત્રાઓ હવે ભક્તિ અને આસ્થા કરતાં ડી.જેના ઘોંઘાટ, શક્તિપ્રદર્શન અને બેકાબૂ ભીડને લઈને વધુ ચર્ચામાં આવવા લાગી છે. ગત મંગળવારની રાત્રે હાલોલ નગર માં અંદાજે પાંચ જેટલી શ્રીજીની પ્રતિમાઓનું આગમન થયું હતું, જેમાં ગણેશ મંડળો દ્વારા વિશાળ પ્રતિમાઓની આગમન યાત્રા માટે મોટા ડી.જે સાઉન્ડ સિસ્ટમો મંગાવવામાં આવ્યા હતા. આ સાઉન્ડ સિસ્ટમોનો યુવાવર્ગમાં મોટો ચાહક વર્ગ હોવાથી હાલોલ નગર, તાલુકા સહિત આજુબાજુના અન્ય તાલુકા અને જિલ્લા માંથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં થી મોટી સંખ્યામાં યુવાનો યાત્રામાં ઉમટી પડ્યા હતા. એક બીજા ડી.જે સિસ્ટમો સામસામે આવી જતા જાણે ધાર્મિક યાત્રા કરતાં કોણ ચડિયાતું તે સાબિત કરવાની હોડ શરૂ થઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. પોતાના ડી.જેને શ્રેષ્ઠ અને સૌથી શક્તિશાળી સાબિત કરવાની હોડમાં હજારોની ભીડ એકઠી થઈ અને હાલોલ ના એસટી સ્ટેન્ડથી વડોદરા રોડ તથા કણજરી રોડ સુધી ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પરંતુ આ સમગ્ર ઘટનાનો સૌથી ચિંતાજનક ભાગ ત્યારબાદ સામે આવ્યો. હજારોની ભીડમાં ઉત્સાહે કાબૂ ગુમાવતા ચપ્પલો ઉછળવા લાગી હતી. માર્ગો પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અને આસપાસની મિલકતોમાં તોડફોડની સ્થિતિ ઊભી થઈ હોવાના દૃશ્યો પણ સામે આવ્યા હતા. એક તબક્કે પોલીસ માટે પણ કાયદો અને વ્યવસ્થા જાળવવી પડકારરૂપ બની ગઈ હતી. જે શ્રીજીની યાત્રામાં ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમા આગળ હોય અને ભક્તિભાવના ગુંજવી જોઈએ તેના બદલે ચપ્પલો સામસામે ઉછાળવા લાગ્યા હતા. જેને લઈ ભાગદોડ મચી જતા અફડાતફડી નો માહોલ સર્જાયો હતો. બુધવારની સવારે આ સ્થળેથી બે થી ત્રણ ટ્રેક્ટર ભરાય તેટલા ચંપલ જોવા માંડ્યા હતા. જેને લઈ નગર પાલિકા દ્વવારા સવારમાં સફાઈ કામગીરી હાથ ધરવી પડી હતી. જો ડી.જે માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. તો મોડી રાત સુધી ઊંચા અવાજે સાઉન્ડ સિસ્ટમો કેવી રીતે વાગતી રહી ? જો જાહેર માર્ગ પર ટ્રાફિક અવરોધ ઊભો કરવો નિયમો વિરુદ્ધ છે તો લાંબા સમય સુધી નગર ના મુખ્ય માર્ગો પર ચક્કાજામ કેમ રહ્યો ? જેવા સવાલો ઉભા થયા છે.

### ગણેશ ઉત્સવ નિમિત્તે કાલોલના માર્ગો પર જિલ્લા પોલીસ વડા સહિતના કાફલા ફૂટ પેટ્રોલિંગ



કાલોલ : આગામી ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી અને શોભાયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કાલોલ નગરમાં પોલીસ તંત્ર દ્વારા સઘન ફ્લેગ માર્ચ અને ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધીક્ષક (SP) ડો. હરેશ દુધાત અને નાયબ પોલીસ અધિક્ષક (DySP) નવીન આહિરની સીધી આગેવાની હેઠળ આ ફૂટ પેટ્રોલિંગ યોજાયું હતું. જેમાં જિલ્લા SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ), LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ), પેરોલ ફર્લો સ્ક્વોડ તેમજ કાલોલ પોલીસ સ્ટેશનના સીનિયર પીઆઈ આર. ડી. ભરવાડ સહિત પોલીસ કાફલો જોડાયો હતો.

#### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું

## ગણેશોત્સવ દરમ્યાન કેમિકલયુક્ત રંગો, પાવડરના વેચાણ-છંટકાવ પર પ્રતિબંધ

**શોભાયાત્રાઓ દરમિયાન લોકોને અગવડ ના પડે તે ખુબ જરૂરી**

(પ્રતિનિધી) ગોધરા, તા.10

૧૪ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી સમગ્ર પંચમહાલ જિલ્લામાં હુકમ અમલી રહેશે પંચમહાલ જિલ્લામાં આગામી ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થનાર છે. ગણપતિજીની મૂર્તિઓની સ્થાપના તા.૧૪/૦૯/૨૦૨૬ના રોજ થશે અને તા.૨૫/૦૯/૨૦૨૬ સુધી જુદા જુદા સ્થળોએ વિસર્જન કાર્યક્રમો યોજાશે. આ તહેવાર અને વિસર્જન દરમિયાન માનવ શરીર અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા કેમિકલયુક્ત રંગો, પાવડરો તથા ભૂકીના ઉપયોગ અને વેચાણ પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે. પટેલ દ્વારા પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરાયેલા આ હુકમ મુજબ, તા.૧૪/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી પંચમહાલ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈપણ સ્થળે શરીર તથા પર્યાવરણને હાનિ કરે તેવા કેમિકલયુક્ત રંગો, પાવડર કે ભૂકીનું વિતરણ, વેચાણ અને છંટકાવ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ કે ઈસમ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### સિંગવડ તાલુકા ના માતાના પાલ્લા ગામે વીજ સમસ્યા, અલગ ટ્રાન્સફોર્મરની માંગ

સિંગવડ : સિંગવડ તાલુકાના માતાના પાલ્લા ગ્રામ પંચાયત ના કાયલા ફળિયાના રહેવાસીઓએ વીજળીની ગંભીર સમસ્યાને લઈને MGVCL ને લેખિત રજૂઆત કરી છે. તા. 21/05/25 ના રોજ કાર્યપાલક ઈજનેર, મધ્ય ગુજરાત વીજ કંપની, લીમખેડા વીજ વિભાગને આપેલા આવેદનમાં જણાવ્યા મુજબ, હાલમાં તેમના વિસ્તારમાં આવેલ વિદ્યુત ડી.પી. પર ખૂબ જ વધુ લોડ હોવાના કારણે વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જાય છે, ઓછું વોલ્ટેજ રહે છે તથા ટ્રાન્સફોર્મરમાં વારંવાર ખામી સર્જાય છે. આ સમસ્યાના કારણે ઘરેલુ ઉપકરણો બળી જવાની ભીતિ રહે છે, વિદ્યાર્થીઓના અભ્યાસમાં અવરોધ ઉભો થાય છે તેમજ ખેતી અને નાના વ્યવસાય પર પણ માઠી અસર પડે છે.

#### ધાનપુર પોલીસની સફળ કામગીરી

# ધાનપુર બજારમાંથી ૨.૫૨ લાખથી વધુન દારૂ ઝડપાયો

**વિદેશી દારૂ, પીકપ ગાડી તથા બે મોબાઈલ સહિત રૂપિયા ૬,૧૦,૬૦૦/- ના મુદ્દામાલ સાથે ચાલક સહિત બે પકડાયા**

(પ્રતિનિધી) દાહોદ, તા.10

ધાનપુર પોલીસની ટીમ મોડી રાતે પોતાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રી પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન પોલીસની ટીમ ધાનપુર બજારમાંહતી તે દરમિયાન ધાનપુર બજારમાં રોડ પરથી પૂરપાટ દોડી જતી જીજે ૨૦એક્સ-૭૦૩૯ નંબરની મહિન્દ્રા કંપનીની પીકપ બોલેરો ગાડી ધાનપુર પોલીસને શંકાસ્પદ જણાતા પોલીસે તે ગાડી હાથનો ઈશારો કરી રોડની સાઈડમાં ઊભી રખાવી હતી. અને પીકપ બોલેરો ગાડીના પાછળના ડાલામાં તલાસી લેતા વિદેશી દારૂનો મોટો જથ્થો નજરે પડતાં પોલીસ ચોકી ઉઠી હતી. પોલીસે પીકઅપ બોલેરો ગાડીના પાછળના ડાલા માંથી રૂપિયા ૧,૦૯,૦૦૦/-ની કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂ લંડન પ્રાઈડ પ્રીમિયમ વિસ્કીના કાચના ક્વાર્ટર નંગ-૬૨૪, રૂપિયા ૯૭,૨૦૦/-ની કિંમતના ગોવા પ્લાસ્ટિક ક્વાર્ટર નંગ-૭૨૦/-તથા ૪૯,૩૨૦/-ની કિંમતના માઉન્ટ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગબિયરના ટીન નંગ-૩૬૦ મળી ૨,૫૨,૬૦૦/-ની કુલ કિંમતની કુલ બોટલ નંગ-૧૭૦૪ પકડી પાડી પીકપ બોલેરો ગાડીના ચાલક દેવગઢબારિયા તાલુકાના ડાંગરિયા ગામના હોળી ફળિયામાં રહેતા અમૃતભાઈ સોમાભાઈ કોળી તથા તેની સાથે ડ્રાઈવરની કેબિનમાં બેઠેલ ગરબાડા તાલુકાના ખજુરીયા ગામે ખાડા ફળિયામાં રહેતા હિંમતભાઈ રૂમાલભાઈ પલાસની અટકાયત કરી તે બંને પાસેથી મળી રૂપિયા ૮૦૦૦/-ની કિંમતના મોબાઈલ ફોન નંગ-૨ પકડી પાડી સદર દારૂનો જથ્થાની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ ૩,૫૦,૦૦૦/-ની મહિન્દ્રા કંપનીની બોલેરો પીકપ ગાડી મળી રૂપિયા૬, ૧૦, ૬૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણી અંતર્ગત સમીક્ષા બેઠક યોજાઈ

(પ્રતિનિધી) દાહોદ, તા.10

આપણી આંગણવાડી આપણી જવાબદારી" થીમ આધારિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાશે મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦' અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ સપ્ટેમ્બર માસ દરમિયાન (૯ સપ્ટેમ્બર થી ૮ ઓક્ટોમ્બર-૨૦૨૬) 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક માં તમામ નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા આયુર્વેદ અધિકારી તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારિ દ્વારા જણાવાયું હતું કે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કુપોષણ અને એનિમિયાના નિવારણ માટે પોષણ અભિયાનને જન આંદોલનનું સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૬માં ૯મા "રાષ્ટ્રીય પોષણ માસ 'નો શુભારંભ ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વારાણસી (ઉત્તરપ્રદેશ) ખાતે થી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રીય મંત્રી, મહિલા અને બાળ વિકાસના હસ્તે થઈ ચૂક્યુ છે.

## સુખસરના લખણપુરમાં એગ્રીકલ્ચર વીજ લાઈન સાત ગાળાના વીજ વાયરોની ચોરી

(પ્રતિનિધિ) સુખસર,તા.10



સુખસર તાલુકાના લખણપુર ગામના તળગામ ફળિયા ખાતે સાત જેટલા ખેડૂતોએ પોતાના કુવાઓ ઉપર એગ્રીકલ્ચર વીજ કનેક્શન લીધેલા છે.જે વીજ લાઈન માનસિંગભાઈ જોતીભાઈ તાવીયાડના કુવા સુધી જાય છે.અને ખેતીમાં પાણીની ખેંચના સમયે કુવાઓ માંથી ઈલેક્ટ્રીક મોટરો દ્વારા ખેતીમાં પાણી પૂરું પાડે છે.તેવી જ રીતે હાલમાં વરસાદી પાણીના અભાવે ખેડૂતો દ્વારા પોતાના કુવામાં રહ્યા સહ્યા પાણી ખેતીમાં પહોંચાડી ખેતી બચાવવા પ્રયાસ કરી રહ્યા છે. તેવા જ સમયે લખણપુરના તળ ગામ ફળિયા થી પસાર થતી એગ્રીકલ્ચર વીજ લાઈનના વાયરો ગત દશેક દિવસ આગાઉ જાણભેદુ તસ્કરોએ રાત્રિના સમયે વીજ વાયરો કાપી ચોરી કરી જતા તેની 2 ઓગસ્ટ 2026 ના રોજ સુખસર પોલીસ સ્ટેશન તથા એમજીવીસીએલ કચેરી ફતેપુરાને લેખિતમાં જાણ કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.અને પોલીસ સ્ટેશન દ્વારા તેની સ્થળ તપાસ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે.ત્યારે એમજીવીસીએલ કચેરીના જવાબદારો દ્વારા પોલીસ સ્ટેશન માંથી ફરિયાદની નકલ આપો ત્યારે આગળની કાર્યવાહી કરીશું તેવું જણાવાય છે.

### PMના જન્મદિવસે લીમખેડામાં રક્તદાન મહાકુંભ યોજાશે

લીમખેડા : લીમખેડા તાલુકા ભારતીય જનતા પાર્ટી તેમજ ચારભુજા હોસ્પિટલ લીમખેડાના સંયુક્ત ઉપક્રમે માનવસેવા અને રાષ્ટ્રસેવાના ઉમદા ઉદ્દેશ સાથે એક ભવ્ય રક્તદાન મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના જન્મદિવસને માત્ર ઔપચારિક ઉત્સવ તરીકે નહીં પરંતુ જનસેવા અને સમર્પણના પર્વ તરીકે મનાવવા માટે તમામ વહીવટી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ રક્તદાન શિબિર આગામી 17 સપ્ટેમ્બર, 2026 ને ગુરુવારના રોજ યોજાશે. દાહોદ-ગોધરા રોડ પર આવેલી ચારભુજા હોસ્પિટલ લીમખેડા ખાતે સવારે 10:00 વાગ્યાથી સાંજે 4:00 વાગ્યા સુધી આ મહાકુંભ ચાલશે.

#### પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા કાલોલ તાલુકા પંચાયત સદસ્યનું સન્માન

# સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં DJનો ઉપયોગ ન કરવાનો પ્રેરણાદાયી નિર્ણય

**આ નિર્ણયથી સંસ્કૃતિનું જતન થવાની સાથે સમાજમાં શાંતિ, સુરક્ષા અને સુમેળભર્યું વાતાવરણ જળવાઈ રહેશે**



(પ્રતિનિધી) કાલોલ, તા.10

પંચમહાલ જિલ્લા પોલીસ અને વેજલપુર પોલીસ સ્ટેશન દ્વારા સામાજિક જવાબદારી અને સંસ્કૃતિ જતનના ભાગરૂપે એક સરાહનીય પહેલને બિરદાવવામાં આવી છે. કાલોલ તાલુકાના એરાલ ગામે રહેતા અને કાલોલ તાલુકા પંચાયતના સદસ્ય તેજસસિંહ અર્જુનસિંહ પરમાર દ્વારા પોતાના વિસ્તારમાં હવેથી કોઈ પણ સામાજિક કે ધાર્મિક પ્રસંગોમાં DJ નો ઉપયોગ ન કરવાનો મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે ભારતીય તથા હિન્દુ સંસ્કૃતિ અને પરંપરા મુજબ જ તમામ તહેવારોની ઉજવણી કરવાનો ઉત્કૃષ્ટ નિર્ણય લીધો છે. આ નિર્ણયથી સંસ્કૃતિનું જતન થવાની સાથે સમાજમાં શાંતિ, સુરક્ષા અને સુમેળભર્યું વાતાવરણ જળવાઈ રહેશે.

તેમની આ ઉત્કૃષ્ટ અને પ્રેરણાદાયી ક્ષમતા તથા પહેલ બદલ આજે તારીખ ૧૦/૦૯/૨૦૨૬ ના રોજ પંચમહાલ જિલ્લા પોલીસ અને વેજલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા તેજસસિંહ પરમારને પ્રશંસાપત્ર પાઠવી તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

#### પ્લાસ્ટિકમુક્ત ઝાલોદ તરફ મોટું પગલું

## નગર પાલિકાની કડક કાર્યવાહીમાં રૂ.૨,૭૦૦નો દંડ વસૂલાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.10



ઝાલોદ શહેરમાં પર્યાવરણની રક્ષા અને સ્વચ્છતા જાળવવાના હેતુસર ઝાલોદ નગરપાલિકા તંત્ર દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે લાલ આંખ કરવામાં આવી છે. આજરોજ નગરપાલિકાની ટીમ દ્વારા શહેરમાં સઘન ચેકિંગ હાથ ધરીને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ તથા વેચાણ કરતા વેપારીઓ સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેરમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિક અને પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓ પર રોક લગાવવા માટે પાલિકાની ટિમે વિવિધ વિસ્તારોમાં અચાનક તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા એકમો પાસેથી કુલ ૨,૭૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. પાલિકાની આ અચાનક અને સઘન કાર્યવાહીથી પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો.ઝાલોદ નગરપાલિકા દ્વારા તમામ વેપારીઓ અને નાગરિકોને ભારપૂર્વક અપીલ કરવામાં આવી છે કે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાનું સંપૂર્ણપણે ટાળે અને પર્યાવરણને સ્વચ્છ રાખવા તેમજ નગરને ચોખ્ખુ રાખવામાં સહભાગી થાય તે સૌની જવાબદારી છે.

#### દાહોદ જિલ્લામાં તસ્કરોનો તરખાટ વધ્યો

# નાનીખરજ ગામે પ્રા.શાળાની રૂમમાંથી અનાજ કરિયાણુ ચોરાયું

(પ્રતિનિધી) દાહોદ, તા.10

દાહોદ તાલુકાના નાનીખરજ ગામે આવેલ નાનીખરજ ગામની મુખ્ય પ્રાથમિક શાળાને તસ્કરોએ નિશાન બનાવી શાળાના મધ્યાન્હ ભોજન સ્ટોર રૂમમાંથી રૂપિયા ૪૮ હજાર ઉપરાંતની કિંમતની ભોજન બનાવવાની કાચી સામગ્રી ચોરીને લઈ ગયાનું પોલીસ સુત્રો દ્વારા જિલ્લામાં આ વર્ષે ચોમાસુ અત્યંત નબળું રહેવાને કારણે એક તરફ ખેતીવાડી નિષ્ફળ જતા ધરતી પુત્રોના માથે આભ તૂટી પડયું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે બીજી તરફ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોરી ચકારી તેમજ લૂંટફાટનો ડર પણ વધી ગયો છે. તેવા સમયે દાહોદ તાલુકાના નાનીખરજ ગામે આવેલ ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં થયેલ ચોરીની ઘટના સામે આવી છે.

જેમાં કેટલાક તસ્કરોએ રાત્રિના સમયે શાળાના મધ્યાન્હ ભોજનના સ્ટોર રૂમમાં દરવાજાનું તાળું તોડી સ્ટોર રૂમમાં પ્રવેશી સ્ટોર રૂમમાંથી રૂપિયા કુલ કિંમતના ખાવાના તેલના ડબ્બા નંગ-૧૨, રૂપિયા ૩,૫૦૦/-ની કુલ કિંમતના ચોખાના કટ્ટા નંગ-૨, રૂપિયા ૧૫૦૦/-ની કિંમતનો ૩૦ કિલો ગ્રામ વજનનો ચણાનો કટ્ટો નંગ-૧, રૂપિયા ૫૦૦૦/-ની . વજનના ઘઉંના કટ્ટા નંગ-૪, રૂપિયા ૧,૧૮૦/-ની કુલ કિંમતના ૨૫ કિલોગ્રામ પૌંઆ, રૂપિયા ૧૭૦૦/-ની કિંમતના ૧૦ કિલો ગ્રામ સિંગદાણા, રૂપિયા ૧૦૦૦/-ની કિંમતની ૨૦ કિલો ગ્રામ સોજી મળી કુલ રૂપિયા ૪૯,૮૮૦/-ની કુલ કિંમતની મધ્યાન્હ ભોજનની સામગ્રી ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે નાનીખરજ મુખ્ય પ્રાથમિક શાળામાં નોકરી કરતા અમૃતકુમાર મણીલાલ પ્રજાપતિએ દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઘરફોડ ચોરીને ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.